# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

અહીં બાવા-બાવીઓ મોજશોખમાં ઘૂસી જાય છે,
ને અલગ 'બાપુસ્તાન' બનાવીને બેસી જાય છે,
કાતરી નાખે કાયદા, ખોતરી નાખે બંધારણ -
સસ્તા હપ્તા, સત્તાનો સાથ, પેટમાં પેસી જાય છે..
(ભારતમાં રામપાલો નો રાફડો)

## હાઇકુ

બધા ને ખપે,
'પ્રધાનપદ', - પણ
મલાઇદાર!
(ખાઉં ને કોઇને ખાવા નહીં દઉં)

શોક્ય ને સાસુ,
ભાર હળવો બ્હાને -
વળતાં પાણી?!
(કેટલા પ્રધાનશ્રીનો ભાર હળવો)

## ચિંતન

**વિવિનક્તિ ન બુદ્ધિ દુર્વિધઃ સ્વયમેવ સ્વહિતં પૃથગ્જનઃ**
**યદુદીરિતમપ્યદઃ યૈર્ન વિજાનાતિ તદ્દ્ભૂતં મહત્ ॥ (૧)**
**વિદુરેષ્યદપાયમાત્મનાઃ પરતઃ શ્રદ્ધતે અથ વા બુધાઃ ।**
**ન પરોપહિતં ન ચ સ્વતઃ પ્રમિમીતે અનુભવાદતે અલ્પધીઃ ॥ (૨)**

જે અલ્પ-નબળી કાચી બુદ્ધિનો છે એવો સામાન્યજન, પોતાની જાતે જ પોતાનું હિત શેમાં છે એ નક્કી કરી શકતો નથી, એ વાત તો બરાબર છે, પરંતુ જે લોકો સમજી અને બુદ્ધિમાન છે એવા લોકો એને સમજાવે કે તારું હિત 'આમાં' સમાયેલું છે છતાં પણ તે સમજી ને સ્વીકારી ન શકે એ કેવું મોટું આશ્ચર્ય છે?! (૧)

પોતાની ઉપર આવનારી કે આવી પડેલી આપત્તિને ડાહ્યા માણસો તરત જ જાણી લે છે, અથવા તો બીજા કોઇ સમજુ-જ્ઞાની માણસ પાસેથી જાણી લે છે, ત્યારે તેઓ એમના પર શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને પોતાની વિવેક બુદ્ધિ અને ડાહ્યા માણસોની સલાહ અનુસાર વર્તે છે અને આવેલી કે આવનાર આપત્તિમાંથી મુક્ત થઇ જાય છે.

પરંતુ, જે ઓછી-કાચી બુદ્ધિવાળા છે એ જયાં સુધી જાતે ઠોકર ખાઇ-કડવો અનુભવ ન થાય ત્યાં સુધી પોતાના હિત ને સમજતો નથી.

## સુવિચાર

- જવું જ હોય તારે તો રસ્તા અનેક છે.., મંઝીલ તને મળશે જરૂર જો ઇરાદો નેક છે, છેવટે તો જીત તારા હાથમાં જ છે.., મન, વચન, ને કર્મ જો તારાં એક છે- **રામુ પટેલ**
- મંથરા ભળે મંથરા હોય, આપણે જો કૈકેયી ન બનીએ તો એ આપણું કશું જ બગાડી શકતી નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- તમારી આંખો એ જ વસ્તુ શોધી કાઢે છે જેની ભૂખ તમને ભીંતર હોય છે- **સંત પૂનિત**
- સમગ્રતાએ જોવાનો અને એકાગ્રતાએ વિચારવાનો ગુણ જે વિકસાવે તે જ સાચો દૃષ્ટા થઇ શકે છે **- અખંડ આનંદ**
- દુનિયાનું સાહિત્ય જો વિવેચકોની સલાહ મુજબ લખાયું હોત તો એ કેવું હોત... કોઇ વિવેચકનું બાવલું હજી કયાંક મુકાયું નથી **- મોહમ્મદ માંકડ**
- મોતી સમુદ્રના તળિયે છીપમાં પાકે છે તેમ કીર્તિ મૃત્યુ પછી કબરમાં પાકે છે- **તમિલ કહેવત**
- ભારેખમ શબ્દોથી શણગારેલું ભાષણ કરવું એ દેશસેવા નથી **- હેડગેવાર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

લોકસેવા એ સાચા અર્થમાં પ્રભુ સેવા જ છે આજે સીનીયર સીટીજન્સ, વૃદ્ધાશ્રમો ચલાવનારા, અનાથ અને અંધશાળા ચલાવનારા પ્રભુ સેવા જ કરે છે.

અબુબન સંત-ફકીર જેવા ઓલિયા હતા એમને આવતી દક્ષિણા-ભેટ બધું જ ગરીબોની સેવામાં વાપરી નાખતા - એમને લક્ષ્મીનો મોહ નહીં. સત્તાનો સ્વાર્થ નહીં. લોકસેવામાંથી સમય મળે તો જ ઇબાદત કરે.

એક અંધારી રાત્રે એમની ઝૂંપડીમાં એકાએક પ્રકાશપૂંજ દેખાયો - અબુબન જાગ્યા - કોઇ દેવદૂત એક દિવ્ય પુસ્તકના પાના ફેરવતો હતો!

દેવદૂત કહે અમે અલ્લાહના ફિરસ્તા છીએ અને ઓલીયા-ભક્તોની યાદી તૈયાર કરીએ છીએ. નવાં નામ લખીએ છીએ, ભ્રષ્ટ થઇ ગયેલાના નામ કાઢીએ છીએ.

અબુબને પુછ્યું, મારું નામ છે? જો કે હું ઇબાદત બહુ ઓછી કરું છું.

દેવદૂતે કહ્યું, હોવું તો જોઇએ, પણ મળતું નથી એ જ શોધીએ છીએ!

અબુબન બેચેન થઇ ગયો. કહ્યું પહેલેથી, ફરી જૂઓ ને!

દેવદૂતે પુસ્તક બંધ કર્યું, થયું ચાલો ફરી એકવાર જોઇ લઇએ. ત્યાં, પહેલું જ નામ અબુબનનું જ હતું.

લોકસેવા એ પ્રભુસેવા જ છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# ગાંધીનગરના સર્જકોના વિવિધ કાર્યક્રમો

## સર્જકો અને ભવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

- સંપાદક નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ ટ્રસ્ટી અને સંવર્ધક સભ્ય રહી ચુકેલા દિવંગત ચંદ્રકાન્ત વાગડીયાની વાર્તાઓનું સંપાદન કરી તેને પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવી રહ્યું છે. આ પુસ્તકનું લોકાર્પણ ટૂંક સમયમાં થનાર છે. પુસ્તકનું શિર્ષક. 'વ્યંગ બાય વાગડીયા' રાખવામાં આવેલ છે. જેના વિષે જાણીતા કવિ હરિકૃષ્ણ પાઠક વકતવ્ય આપનાર છે. એવું સ્વ. ચંદ્રકાન્ત વાગડીયાના કુટુંબીજનો અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય જયંતીલાલ મકવાણા દ્વારા જાણવા મળ્યું છે.

**● વિશ્વ માતૃભાષા ગૌરવદિન નિમિત્તે સ્પર્ધા**

માતૃભાષા અભિયાન સમુદાય, શિક્ષણ ભવન નવજીવન પ્રેસ સામે, ગુજરાત વિદ્યાપીઠ પાસે આશ્રમરોડ અમદાવાદ દ્વારા, ગુજરાતી ભાષા શિક્ષણને અનુરૂપ ત્રણ ભીંતપત્રો મોકલવા, તેમજ ગુજરાતી ભાષામાં સર્જનાત્મક કૃતિઓનો એક તૈયાર કરી મોકલવા માટેની સ્પર્ધા પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના ભાષઆ શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવેલ છે. જેની છેલ્લી તારીખ ૨૭ જાન્યુઆરી ૨૦૧૫ છે. આ માટે ઉપરોક્ત સરનામે અથવા ફોન નં. (૦૭૯) ૪૦૩૦૩૮૭૯ નો સંપર્ક કરવા જણાવાયું છે.

**● મોડાસામાં મુશાયરો યોજાયો**

'શબ્દસેતુ' દ્વારા મોડાસા, જિ. અરવલ્લી ખાતે એક ભવ્ય મુશાયરો તાજેતરમાં યોજાઇ ગયો. તેમાં ગાંધીનગરના કવિ કનૈયાલાલ ભટ્ટ, ખલીલ ધનતેજવી, મણીલાલ હ. પટેલ, ભરત વિંઝુડા, ગુલામ અબ્બાસ નાશાદ, દિનેશ ડાંગરે 'નીદાન', ભરત ભટ્ટ 'પવન', અનિલ ચાવડા, પ્રભુ પહાડપુરી, અરવિંદ ગજ્જર અને સલીમ શેખ વિગેરે એ કાવ્યપઠન કર્યું હતું.

**● કુમારપાળ દેસાઇને કવિ નર્મદ એવોર્ડ**

મહારાષ્ટ્ર રાજય ગુજરાતી સાહિત્ય અકાદમીના ઉપક્રમે મુંબઇ ખાતે યોજાયેલ એક સમારંભમાં ગુજરાતી સાહિત્ય માટે અપાતો માનવંતો 'કવિ નર્મદ એવોર્ડ' ડો. કુમારપાળ દેસાઇને એનાયત કરવામાં આવ્યો. જેમાં એવોર્ડ સ્મૃતિ ચિહ્ન, સન્માનપત્ર અને રૂા. ૫૧,૦૦૦ નો સમાવેશ થાય છે.

**● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે વિવિધ કાર્યક્રમો**

તાજેતરમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે જાણીતા કવિ નિરંજન ભગતે કવિવર રવીન્દ્રનાથ ટાગોરની નવલકથા 'ગોરા' વિષે વકતવ્ય આપ્યું હતું. જયારે લેખક રજનીકુમાર પંડ્યાએ 'વાર્તા કયાંથી મળે છે' એ વિશે વકતવ્ય આપ્યું. સંસ્થાના લલિતકલા કેન્દ્રના ઉપક્રમે કાવ્ય સંગીત શ્રેણી અંર્તગત કલાકાર અમર ભટે 'ઝીણા ઝમરર વરસે મેહ' શિર્ષક હેઠળ કવિ ન્હાનાલાલથી શરૂ થતી ગુજરાતી કાવ્યયાત્રાની પ્રસ્તુતિ કરી હતી. જયારે સંસ્થામાં જાણીતી ચિત્રકાર અનિલ રેલિયાના પોટ્રેટ ચિત્રોનું પ્રદર્શન અને તેમનું વકતવ્ય પણ યોજવામાં આવ્યું. જાણીતા ચિત્રકાર અમિત અંબાલાલના રેખાંકનો અને જળરંગી ચિત્રોનું પુસ્તકનું વિમોચન સંજય લાલભાઇના હસ્તે થયું હતું. જયારે જાણીતા ચિત્રકાર અતુલ ડોડિયાએ પ્રાસંગિત વકતવ્ય આપ્યું હતું. સંસ્થાના લલિત કલાકેન્દ્ર અને અગત્સ્ય ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પંડિત રઘુનંદન પાંશી કહે હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતની પ્રસ્તુતી કરી. તેમજ સંસ્થાના ઉપક્રમે લેખક સંજય ચૌધરી એ 'ગિરનાર' વિશે દૃશ્ય શ્રાવ્ય પ્રસ્તુતિ કરી. તેઓએ પાંચ દિવસની ગિરનાર પરિક્રમા, આરોહણ, સોપાનના માર્ગ, મહત્ત્વના તીર્થધામ, પ્રકૃતિ અને વનસંપત્તિ વિશે વાત કરી હતી. ઉપરોક્ત તમામ કાર્યક્રમો. વિશ્વકોષ ભવન, ઉસ્માનપુર અમદાવાદ ખાતે યોજાયા હતા.

**● ડો. કેશુભાઇ દેસાઇના વ્યાખ્યાન યોજાયા**

જાણીતા લેખક ડો. કેશુભાઇ દેસાઇ દ્વારા તાજેતરમાં મંગલમ્ આશ્રમ સિદ્ધપુર નજીક 'જીવન અને સાહિત્ય' વિશે વ્યાખ્યાન યોજાયું હતું જયારે મુંબઇમાં પર્યુષણ પર્વ નિમિત્તે તેઓએ શ્રીજૈન યુવક સંઘ આયોજિત કાર્યક્રમમાં 'શ્રીમદ્ રાજચંદ્ર અને સાબરકાંઠાના સંતો' વિષે વકતવ્ય આપ્યું હતું. તેમજ અમદાવાદમાં ધર્મ જાગૃતિ કેન્દ્ર તરફથી મહેંદી નવાઝ જંગ હોલ પાલડી ખાતે તેમણે 'ક્ષમાપના - સર્વોત્તમ ધર્મ' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. જયારે રાજસ્થાનના ખેતડી ખાતે 'સ્વામી વિવેકાનંદનું પત્ર સાહિત્ય' વિશે વ્યાખ્યાન આપેલ હતું.

**● રાજકોટમાં માહિતી આયોગના કમિશનર વી.એસ. ગઢવીનું વ્યાખ્યાન**

તાજેતરમાં રાજકોટની જાણીતી લેંગ લાઇબ્રેરી ખાતે વી. એસ. ગઢવીએ 'લોક સાહિત્યની સરવાણી અને મેઘાણી' એ વિષે વ્યાખ્યાન આપ્યું હતું.

**● લેખક કલ્પેશ પટેલ દ્વારા બાળકોના હાઇકુઓનું પુસ્તક પ્રગટ કરાયું**

ગાંધીનગરમાં વસતા જાણીતા લેખક અને શિક્ષક કલ્પેશ પટેલ દ્વારા શાળાના બાળકો એ લખેલ જાપાનીઝ કાવ્ય પ્રકાર હાઇકુઓનો કાવ્ય સંગ્રહ ખુબ જ સુંદર રીતે કાવ્યને અનુરૂપ ચિત્રો મુકીને પ્રગટ કરવામાં આવ્યો છે. જે દ્વારા બાળકોની સર્જન શક્તિને પ્રોત્સાહિત કરવાનું સુંદર પ્રયાસ થયો છે. જે અભિનંદનને પાત્ર છે.

**કાવ્યસેતુ**

**વર્ષા-વસંત**

વર્ષામાં
પૃથ્વી પીને જળ
મદહોશ,
વસંતમાં વાયુથકી
બેહોશ!
વર્ષામાં
પૃથ્વી જળ થકી
લીલી લીલી,
વસંતમાં વાયુથકી
વર્ષામાં
પૃથ્વી જળ થકી
સગર્ભા,
વસંતમાં વાયુ થકી
સપુષ્પા!
વર્ષામાં
પૃથ્વી જળ થકી
અન્નપુર્ણા,
વસંતમાં વાયુ થકી
ફલપૂર્ણા!
વર્ષામાં
પૃથ્વી પટે મયૂરકેકા
વસંતમાં કોયલકૂક!
વર્ષામાં
પૃથ્વી પટે બજે સંતુર
વસંતમાં બંસુર!
વર્ષામાં
પૃથ્વી મીઠી જાંબુ જેવી
વસંતમાં કેસર-કેરી!
વર્ષામાં
પૃથ્વી ઘેલી મદિરા પી
વસંતમાં મહુડી!

**- પ્રવીણ ગઢવી**

# ભારતમાં વ્યક્તિગત સ્વચ્છતાનો મહિમા છે, ગંગા સ્થાનથી પવિત્ર અને પાપમુક્ત થવાય એવો ખ્યાલ ખરો, પરંતુ સામુહિક સ્વચ્છતા પ્રત્યે તદ્દન બેદરકાર

## સ્વચ્છતા અભિયાન

- પ્રવીણ ગઢવી

આપણા નવા તાજા થનગનતા તોખાર જેવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છતા અભિયાન ઉપાડ્યું છે તેનો કોઇ વિરોધ પક્ષ પર વિરોધ કરી શકે તેમ નથી. એમની આ એક ખાસિયત છે. એવા મુદ્દા હાથમાં લેવા કે સામાવાળા ચૂપ જ રહે. એ મહાત્મા ગાંધીની ૨૦૧૯ માં આવનારી ૧૨૫મી જન્મજયંતી હોય કે વલ્લભભાઇ પટેલનું લિબર્ટી સ્ટેચ્યુથી ઊંચુ પૂતળું હોય - કોણ બોલી શકે!

મહાત્મા ગાંધી સ્વચ્છતાનો ખ્યાલ ઇંગ્લેન્ડ-યુરોપથી લાવ્યા. યુરોપમાં પણ ભયાનક પ્લેગ ફાટી નીકળ્યા પછી સ્વચ્છતાનું ભાન આવ્યું. ભારતમાં વ્યક્તિગત સ્વચ્છતાનો મહિમા છે. ગંગા સ્થાનથી પવિત્ર અને પાપમુક્ત થવાય એવો ખ્યાલ ખરો. પરંતુ સામુહિક સ્વચ્છતા પ્રત્યે તદ્દન બેદરકાર, સ્નાન કરી અવોટિયું પહેરી સુરતના બ્રાહ્મણો ગટર ગંગાને કિનારે લિજ્જતથી બ્રહ્મભોજન લેતા. ભારતમાં પણ વારંવાર કોલેરા-પ્લેગ થતાં પરંતુ ભગવાનના આ અવતારોનો દેશ - સૂર્ય મહારાજના તીવ્ર પ્રભાવને કારણે વાયરસ મટી જતાં હોવાથી બચી જાય છે! બાકી ભારતની આ ગંદકીમાં રોગચાળો ન થાય તે ખરે જ નવાઇની વાત છે. ભગવાનની પરમ કૃપા આ દેશને મળી છે!

ગાંધીજીએ રાજકોટમાં પ્લેગ વખતે હરિજન મહોલ્લો સાફ કરેલો. દક્ષિણ આફ્રિકામાં પણ સેવા આપેલી. કલકત્તા કોંગ્રેસમાં પણ સફાઇનું કામ એમણે કરેલું. ગાંધીજી ફોટો સેશનના ઘેલા નહોતા. જે માનતા તે કરતા, આપણા વડાપ્રધાન તો હવે બોલ્યા. ગાંધીજીએ તો ભંગી કોલોનીમાં વાઇસરોય લોર્ડ માઉન્ટ બેટનના હાથમાં પણ ઝાડું પકડાવેલું! ગાંધીજી એટલે અફલાતૂન!

તો શું આમ નાગરિકો ઝાડુ લઇ બે-ચાંર દિવસ મંડી પડે તો દેશ સ્વચ્છ બની જશે? ગંગાનો એકાદ ઘાટ સાફ કરવાથી ગંગા સ્વચ્છ બની જશે?

ના, એમ ફોટોસેશનથી અને ઝુંબેશથી દેશ સ્વચ્છ થઇ શકશે નહીં. અલબત્ત, નાગરિક ધર્મ પ્રત્યે નાગરિક જાગૃત થાય એ અવશ્ય જરૂરી છે. સ્વચ્છતાના સંસ્કાર પ્રજામાં આવે તે જરૂરી છે. કેવળ ભાવનાઓથી, આદર્શોથી, તેજીલાં ભાષણોથી આ સમસ્યાનો હલ થઇ શકે તેમ નથી.

આપણાં શહેરોની વાત કરીએ તો ૩૦ % વસતિ ઝૂંપડપટ્ટીમાં ખુલ્લી ગટરો ઉપર ખદબદે છે. એમને નથી મળતો સૂર્યપ્રકાશ કે સ્વચ્છ હવા કે પાણી. ટોયલેટની પણ વ્યવસ્થા નથી. જાહેર સંડાસ નર્ક જેવા છે. આમાં સ્વચ્છતા કયાંથી આવે! સૌથી પહેલાં તો ગટર વ્યવસ્થા હોવી જોઇએ. શૌચાલયો હોવા જોઇએ. દેવાલયથી વધુ જરૂર શૌચાલયની છે એ વડાપ્રધાનની વાત સાચી, પરંતુ શૌચાલય કરવા જમીન કયાં?

શહેરોની વસ્તી પ્રમાણે સફાઇ કામદારો પણ નથી. ૫૦% જગ્યાઓ વર્ષોથી ખાલી છે. નાગરિક ઘરની સફાઇ કરી કચરો કયાં નાખવા જાય? એ રસ્તા પર નાંખવાનો છે જ, તો એને ઉપાડી લેવાની ફરજ તંત્રની છે. તંત્ર પાસે સફાઇ કામદારો જ નથી.

કચરાનો નિકાલ કયાં કરવો એ મોટી સમસ્યા છે. શહેર બહાર નાંખો તો ગામડાં વિરોધ કરે. કચરો નદીમાં નાંખો તો જળ પ્રદૂષિત થાય. કેમિકલ કચરાથી જમીન પ્રદૂષિત થાય. સળગાવવાથી અવકાશ પ્રદૂષિત થાય. એને દરિયામાં નાંખો તો માછલાં મરી જાય. આ કચરાનું કરવું શું? એનો કોઇ હલ નથી અને સરકાર પણ ગંભીર નથી. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ હજી અંધારામાં ફાંફાં મારે છે. આખા શહેરનો કચરો સ્યૂઇજ ફાર્મમાં એકઠો કરવાથી તે વિસ્તારની શું હાલત થઇ છે તે તો ત્યાં રહીએ તો જ સમજાય.

યુરોપ-અમેરિકા-સિંગાપોરનાં આપણે સ્વચ્છતા માટે વખાણ કરીએ છીએ અને માની લઇએ છીએ કે ત્યાંના નાગરિકો સ્વચ્છતા અને ટ્રાફિક નિયમો માટે સ્વયં જાગૃત થયેલા છે પરંતુ હકીકતમાં ત્યાંના નાગરિકો ભારે દંડથી ફફડે છે. ત્યાંના કાયદા ખૂબ કડક છે. તેથી નાગરિકો તેનું પાલન કરે છે. ભારતમાં કાયદા નરમ. અને છે તેનોય અમલ કરવામાં તંત્ર નરમ-નઘરોળ. પોલીસ અને નગરપાલિકાઓ કડક થાય તો તરત ફેર પડે. કાયદા-નિયમો કડક કરવા પડે. ભારે દંડની જોગવાઇ કરવી પડે. પોલીસને સત્તાઓ આપવી પડે.

ગામડામાં તો પંચાયત પાસે સફાઇ કામદાર જ હોતા નથી. પોળ-ગલીમાં સોસ ખાડા-જાજરૂ કરવાની જગ્યા જ હોતી નથી. લોકો કયાં ને કેવી રીતે શૌચાલય બનાવે?

ગામ બહાર ઊકરડાના ઢગલાં હોય છે. ઉકરડા વ્યવસ્થિ નીત થતા નથી. ઉકરડા વૈજ્ઞાનિક રીતે ઊંડો ખાડો ખોદી બનાવવામાં આવતા નથી. તંત્રે ઉકરડાઓનું નિયમન કરવું જરૂરી છે. ૫૦ % શહેરોમાં ગટર નથી તો ગામડાંમાં તો કયાંથી હોય? અને ગટર હોય તોય ખુલ્લી હોય. એમાં સ્વચ્છતાં કેવી રીતે જળવાય!

સરકારનું કામ કેવળ ઝુંબેશ, ફોટોસેશન અને ભાષણોનું નથી. સરકારે ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવા નાણાંકીય જોગવાઇ - ફાળવણ કરવી પડે. ગામડાં ને વીસ લાખ આપવાની જાહેરાત થઇ છે પરંતુ કયારે મળશે તે ભગવાન જાણે! જવાહરલાલ નહેરુ અર્બન મીશન નીચે કરોડો રૂપિયા આવ્યા, તે શહેરની સ્વચ્છતા માટે નહિ પણ, ઓવરબ્રિજ અને મેટ્રોમાં બીઆરટીએસમાં વપરાયા. ફોરલેન-સિક્સ લેન ચમકતા રોડમાં વપરાયા જેથી વિદેશી મહાનુભાવોને વિકાસની ચમક દેખાય. ખરેખર આ નાણાં ઝૂંપડપટ્ટી અને ગટર વ્યવસ્થા માટે વાપરવાનાં હતા.

આશા રાખીએ કે આપણા માનનીય વડાપ્રધાન ભાષણો અને ફોટોસેશનમાંથી નવરા પડે અને કંઇક નક્કર કરે, નહિતર ગંગાની જેમ દેશને સ્વચ્છ થવામાં સો વર્ષ તો લાગશે જ!

# આપણા વડાપ્રધાન હોંશિયાર છે ચીન સીધી રીતે ન માને તો આંગળી વાંકી કરતાં આવડે છે, વિયેતનામ સાથે સંધિ-કરાર, જાપાન સાથે મિત્રતા અને ચીનના દુશ્મનો સાથે તેઓ મૈત્રી કરી રહ્યા છે

## કટાક્ષિકા

- અનંત શુક્લ

પશો પટેલ વડના ઝાડ નીચે બેઠા હતા એવામાં રઘો દોડતો દોડતો આવ્યો. ખાસ્સો હાંફ ચઢ્યો હતો. નીચે બેસી ગયો. માંડ કળ વળી એટલે પટેલે પુછ્યું.

'અલ્યા રઘા, શું થયું? આટલો હાંફે છે કેમ?'

**રઘો :** બાપા, ગજબ થઇ ગયો, સાંબેલાધાર વરસાસ, રસ્તા બધા જળબંબાકાર અરે ગુજરાતની બીઆરટીએસ બસો હોય કે સીટી બસો, અંડરબ્રિજોમાં ફસાઇ ગઇ, લોકોના જીવ અદ્ધર થઇ ગયા. મારા ગામડાનું શું થયું હશે?

**પટેલ :** અલ્યા બારે મેઘ ખાંગા થાય ત્યારે સહુનું થાય તે વહુનું થાય... એમાં તું દોડાદોડ કેમ કરે છે?

**રઘો :** બાપા, મારો દીકરો જે યુનિ.માં ભણતો હતો તે યુનિ.ના અગત્યના કાગળો જ વરસાદમાં પલળી ગયા! હવે શું થશે?

**પટેલ :** આ દેશમાં આવું જ ચાલ્યા કરશે. અલ્યા એવી તે કેવી જગ્યાએ આ ફાઇલો મૂકી હતી કે પલળી ગઇ? વરસાદની ઋતુમાં વરસાદ આવે તેવું કુલપતિઓ શીખવાડવું પડશે? પ્રશસ્તિઓ અને પ્રસિદ્ધિઓની પાછળ પડી ગયેલા આવા વીસીઓને ખબર નહિ પડતી હોય કે અગત્યનો રેકોર્ડ કેવી રીતે સચવાય!

**રઘો :** એવી ખબર પડતી હોત તો જોઇતું તું શું?

**પટેલ :** રઘા, સાંભળ્યું છે કે ગુજરાતના ભૂ. પૂ. રાજયપાલે લોકોના કરોડો રૂપિયાની દિવાળી કરી નાંખી.

**રઘો :** તેં હે બાપા, દિવાળી તો હજુ વાર છે!

**પટેલ :** અલ્યા આવા અધિકારીઓને તો રોજ દિવાળી, પણ કોના બાપની?! પણ રઘા આ વખતના વડાપ્રધાન કોઇને છોડે એમ નથી.

**રઘો :** શું ધૂળ? આ છાશવારે પડોશી દેશ ગોળીઓની રમઝટ બોલાવે રાખે છે અને આપણા તંત્રનું પેટનું પાણીય હાલતું નથી.

**પટેલ :** અલ્યા પાણી તો હાલવાને બદલે ઉકળે છે પણ આપણે આપણા મિત્ર દેશો રીસાઇ ન જાય તે પણ જોવું પડે ને?

**રઘો :** આ મનામણાં - રીસામણાંની મોંકાણમાં જ સરહદે પૂળો ચંપાયે જાય છે અને વિરોધ પક્ષ સરકાર પર માછલાં ધોયે રાખે છે.

**પટેલ :** અલ્યા, એમને બીજો ધંધો શો છે? સાવ નવરાં પડી ગયા છે. વસતીમાં એમનું કોઇ મીઠું પણ લે એવું નથી. પછી તેઓ કરે શું? પેલા 'આપ'વાળા આપમેળે અદૃશ્ય થવાની અણી ઉપર છે. કોંગ્રેસ એક પછી એક તેમનાં શાસિત રાજયો ગુમાવતી જાય છે, પ્રાદેશિક પક્ષોનું અસ્તિત્વ જોખમમાં મૂકાઇ ગયું છે. આવી પરિસ્થિતિ જીવતા રહેવા માટે કારણ તો શીધી કાઢવું પડે ને? અધુરામાં પુરું આપણા વડાપ્રધાને અમેરિકામાં ડંગો વગાડી દીધો. એના સોળ આ લોકોએ એવા ઊઠ્યા છે કે રાળનો મલમ પણ કામમાં નહિ આવે.

**રઘો :** બાપુ, આ અમેરિકાયે કંઇ નાનું છોકરું નથી કે તેને જેમ સમજાવીએ એમ સમજી જાય, ભૈ, હા એ હા તો કરવું પડે પણ ખરું શું એ તો ખળે ખબર પડે!

**પટેલ :** રઘા, વડાપ્રધાને અમેરિકાને જ નહિ પણ ચીનના રાષ્ટ્રપતિનેય ઓળઘોળ કરી નાંખ્યા હતા. અમદાવાદનું રીવર ફ્રન્ટ બતાવી ગુપ્ત મંત્રણાઓમાં મંત્રી દીધા હશે.

**રઘો :** બાપા, એ સાડા ચાર ફૂટિયાઓ બધાને નચાવે છે, ભારત તરફ કંઇ હેત ઊભરાઇ નથી ગયું.

**પટેલ :** આપણા વડાપ્રધાન હોંશિયાર છે ચીન સીધી રીતે ન માને તો આંગળી વાંકી કરતાં આવડે છે. વિયેતનામ સાથે સંધિ-કરાર, જાપાન સાથે મિત્રતા અને ચીનના દુશ્મનો સાથે તેઓ મૈત્રી કરી રહ્યા છે.

**રઘો :** બાપા એક વાત તો માનવી જ પડશે કે વડાપ્રધાન જયાં જયાં ચૂંટણીની પ્રચાર સભાઓ કરે છે ત્યાં ત્યાં જાણે કે ભાજપ તરફી વાવાઝોડું શરૂ થઇ જાય છે. બીચારા વિરોધપક્ષો લાચાર બની માથે પછેડી ઢાંકી દે છે.

**પટેલ :** રઘા, હમણાં હરિયાણા અને મહારાષ્ટ્ર એમ બંને રાજયો કોંગ્રેસ શાસિત હતા પણ વાવાઝોડાએ વિરોધપક્ષોનાં જાણે કે મૂળીયાં ઉખાડી નાંખ્યા.

**રઘો :** પણ પેલો ૨૫ વરસના સાથીદારો વંઘ્યા એનું શું?

**પટેલ :** મહારાષ્ટ્રમાં તે સાથીદારને પણ નમવું પડે તેવી સ્થિતિ ભાજપ કરી દેશે જોજે ને!

**રઘો :** મારો પિતરાઇ મને કહેતો હતો કે શિવસેના ઝૂકી ગઇ છે અને ભાજપમાં સમર્થન જાહેર કર્યું છે.

**પટેલ :** કરવું જ પડે ને! એમ કંઇ 'મરાઠી માણુસ' નો વળ ચઢાવે રાખ્યાથી કંઇ થાય? હવે દેશ એવા લોકોના હાથમાં છે કે જેઓ પારદર્શિતા સાથે પ્રજામત અંકે કરી શકે તેમ છે. હવે વારો જમ્મુ-કાશ્મીરનો છે. જો જે રઘા ન ધારેલાં પરિણામો આવશે!

**રઘો :** હવે એમ લાગે છે કે ભયમુક્ત ભારત અને કોંગ્રેસ મુક્ત ભારત તરફ કૂચ કોઇ રોકી શકે તેમ નથી. ભલભલા મહારથીઓ ભોંયભેગા થઇ ગયા. લવારા કરીને હવાતીયાં મારે જાય છે પણ એમનું ઉપજે શું?

**પટેલ :** રઘા, તું તો પોલિટિક્સમાં પીએચડી થઇ ગયો લાગે છે.

**રઘો :** બાપા, આ તો અમારી રગેરગમાં છે. ખેતરો ભેળવામાં અમે એક્કા છીએ. કોઇને ગંધ સુદ્ધાં ન આવે અને ખેતર ભેળાઇ ગયું હોય.

**પટેલ :** ખરું હોં લ્યાં! અને તારા ગાડરાં પણ બહુ ચાલાક અને હોંશિયાર. એક ઇશારો તારો થાય અને એ ગાડરિયો પ્રવાહ ચાલુ!

**રઘો :** બાપા, મારાં ઘેટાનું ટોળું ચાલી તો નીકળે પણ મારે એક બકરું રાખવું પડે છે. પેલાં તો નીચી મુંડીએ ચાલ્યા કરે અને ઊંડો ખાડો આવ્યો તો બધાં એક પછી એક કૂદી પડે. એટલે પેલું બકરું આગળ હોય તો મને કોઇ ભો નૈ. તે હોંશિયાર, ખાડો જોઇ રસ્તો બદલે. બસ પછી તો પેલાં ગાડરાં તેની પાછળ પાછળ!

**પટેલ :** અલ્યા, બધે આવું જ હોય. રઘા, તારાં ઘેટાં તો સફેદ ઊનનાં હતાં પણ આ તો ૫૦ ઘેટાનું ઊન કાળું કેવી રીતે થઇ ગયું?

(અનુસંધાન પાના નં. ૬ પર)